# ૧૩ ખેતર અને તેની ફરતે વાડ

V6Z8Z2

રહેમત એક ખેડૂત છે. તેણે તેના ખેતરમાં ઘઉં વાવ્યા છે.




રહેમત તેના ખેતરની હદની લંબાઈ જાણવા ઈચ્છે છે. શું તમે આ ચિત્રની મદદથી તે શોધી શકશો ? જુઓ દરેક બાજુની લંબાઈ તેની બાજુમાં લખેલ છે.






રહેમતે ૭૦ મીટર તારનો વાળેલો વીંટો (રોલ) વાડ માટે ખરીદ્યો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




રહેમતે કેટલો તાર ગણપતને આપ્યો ? ...............




ગણપતે રહેમતનો આભાર માન્યો અને તેના ખેતર ફરતે વાડ કરવાનું શરૂ કર્યું. પરંતુ તેને વધારે તારની જરૂર પડી.

- ગણપતના ખેતરની હદ કેટલી લાંબી હશે ? ...........
- ગણપતને તેના ખેતર માટે વધુ કેટલા મીટર તારની જરૂર પડશે ? ..........



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**મહાવરો**

૧. અહીં કેટલાક વધારે ખેતરનાં ચિત્રો આપેલ છે. કયા ખેતરની હદ સૌથી લાંબી છે, તે શોધો.

અ)




હદ = ________ મીટર

બ)




હદ = ________ મીટર

ક)




હદ = ________ મીટર

ડ)




હદ = ________ મીટર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




૨. ચંદુના પિતાજી 'વૃદ્ધ યુવા માણસ' તરીકે તેના ગામમાં ઓળખાય છે. ૭૦ વર્ષની ઉંમરે, પણ તે એકદમ તંદુરસ્ત છે. શું તમે તેનું રહસ્ય જાણો છો ? તે દરરોજ સવારે ખેતરની ફરતે ચાલે છે. તે ચંદુના ખેતર ફરતે રોજ ૪ ચક્કર મારે છે.

- તેમણે કુલ કેટલું અંતર કાપ્યું ?

૪ × ........ = ........ મી = ........ કિમી

૩. ગણપતની પત્ની દરજીની દુકાનમાં કામ કરે છે. તેણે ટેબલક્લોથની ફરતે લેસની પટ્ટી લગાવવાની છે. તેણે ૧૦૦ મીટર લેસ ખરીદી.

- નીચે આપેલ ટેબલક્લોથનું ચિત્ર જોઈને કહો કે એક ટેબલક્લોથની ફરતે લગાવવા કેટલી લેસ જોઈશે ? .................






- આવાં ૩ ટેબલક્લોથની ફરતે લગાવવા કેટલી લેસ જોઈશે ? ...............
- હવે, વીંટા (રોલ)માં કેટલી લેસ બાકી રહી ? ...............



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

W5J3D1

**પ્રવૃત્તિ**

૧. નીચે આપેલ આકારના હદની લંબાઈ શોધો.
(સંકેત : તમે દોરીનો ઉપયોગ કરી શકશો.)




હવે ચોરસ ગણો અને શોધો.

- દરેક આકારમાં કેટલા ચોરસ છે ?
- કયા આકારમાં સૌથી ઓછા ચોરસ સમાયેલા છે ?
- કયા આકારમાં સૌથી વધુ ચોરસ સમાયેલા છે ?

૨. ૨૦ સેમી લાંબો એક દોરો લો. તેના છેડા જોડીને અલગ-અલગ આકાર બનાવો. તેને બીજા આપેલ ચોરસ ખાનાવાળા કાગળમાં(Square sheet-સ્ક્વૅર શીટ) ચોંટાડો.

**શોધો :**

- દરેક આકારમાં કેટલા ચોરસ સમાયેલા છે ?
- કયો આકાર સૌથી મોટો છે ?
- સૌથી નાનો આકાર કયો છે ?
- દરેક આકારની હદની લંબાઈ કેટલી છે ?



એવા ચોરસ કે જે અડધાથી ઓછી જગ્યા રોકે તેની બાળકોએ અવગણના કરવી, પરંતુ જે ચોરસ અડધાથી વધુ જગ્યા રોકે તેને ૧ સંપૂર્ણ ચોરસ ગણવું. આ તેમને છેવટના સુધારા કરવા માટે પ્રેરિત કરશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. બે ચોરસ ભેગા કરી તમે જુદા-જુદા કેટલા આકારો બનાવી શકશો ? નીચે આપેલ ચોરસ ખાનાંવાળા કાગળમાં તે દોરો. દરેક આકારની હદ કેટલી લાંબી છે ?





આ પ્રવૃત્તિ ૩ ચોરસનો ઉપયોગ કરીને કરવાનો પ્રયત્ન કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

P3G5N6

**મહાવરો**




૧. ચોરસની હદ ૧૨ સેમી છે.

અ) આ ચોરસના ખૂણેથી ૧ સેમીના માપનો નાનો ચોરસ કાપ્યો. Bની હદ નાની હશે કે મોટી ? તેની લંબાઈ શોધો.




બ) જો તમે ૧ સેમીનો ચોરસ C આકારમાં દર્શાવ્યા પ્રમાણે કાપશો, તો C આકારના હદની લંબાઈ કેટલી ?

૨.

અ) D ચોરસની હદની લંબાઈ શોધો.

બ) D ચોરસમાંથી ૧ સેમીના માપના ૮ ચોરસ કાપો. હવે તે E આકાર જેવું દેખાશે. E આકારના હદની લંબાઈ કેટલી ?






૧ સેમી

ક)  ના માપની હદ _____ + _____ + _____ + _____

શું આ હદને ૪ × ૧ સેમી પણ કહી શકાય ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. હૉકીનું મેદાન ૯૧ મીટર અને ૪૦ સેમી લાંબું તથા ૫૫ મીટર પહોળું છે. મેદાનની હદની લંબાઈ કેટલી ?

૪. ઉષા અને વલ્સમ્મા વચ્ચે દોડની શરત લાગી. ઉષા અંદરના વર્તુળમાં દોડી રહી છે. વલ્સમ્મા બહારના વર્તુળમાં દોડે છે.




વલ્સમ્મા ઉષા કરતાં ઝડપથી દોડે છે. છતાં પણ તે દોડમાં હારી ગઈ. શું તમે અંદાજ લગાવી શકશો કેમ ? ...............




ચિત્રમાં દર્શાવ્યા મુજબ દોડવીર અલગ-અલગ જગ્યાએથી દોડવાનું શરૂ કરે તેવી દોડ તમે જોઈ છે ? અનુમાન કરો આમ કેમ ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### શાળાનો બગીચો

ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ શાકભાજીનો એક-એક બગીચો બનાવવાનું વિચાર્યું. તેમણે જે જગ્યા પસંદ કરી તે આવી દેખાતી હતી.




બંને વર્ગના વિદ્યાર્થીઓએ વિચાર્યું કે બગીચો - ૧ મોટો છે. એટલે બંનેને બગીચો - ૧ જોઈતો હતો. અચાનક નીતુએ કહ્યું.....




- બંને બગીચાની લંબાઈ એકસરખી છે તેમ નીતુ કેવી રીતે શોધશે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રવૃત્તિ**




૧. તમારા વર્ગખંડમાં રહેલ આ ટેબલ જુઓ. તમે તેના પર કેટલા 'ગણિત ગમ્મત' પુસ્તક મૂકી શકો છો તેનું અનુમાન કરો.

(યાદ રાખો - પુસ્તક એકબીજાની ઉપર ઢંકાવું ન જોઈએ. બે પુસ્તકની વચ્ચે જગ્યા પણ ન રહેવી જોઈએ.)

તમારું અનુમાન અહીં લખો ............

હવે તમે તપાસો કે તમારું અનુમાન સાચું છે. તમે કેટલા પુસ્તકો મૂકી શકશો ?

તમારા અનુમાન અને પુસ્તકોની ખરેખર સંખ્યા વચ્ચે

કેટલો તફાવત છે ? ...............

૨. હવે બીજું ટેબલ જુઓ.

(અ) શું આ ટેબલ પહેલાના ટેબલ કરતાં મોટું છે ? હા/ના

(બ) અનુમાન લગાવો કે 'ગણિત ગમ્મત'ના કેટલાં પુસ્તકો આ ટેબલ પર મૂકી શકાય ?

(ક) તમારો અંદાજ સાચો છે કે નહીં તે તપાસો.

તમે કેટલા 'ગણિત ગમ્મત'ના પુસ્તકો મૂકી શકો ? ..............

(ડ) બંને ટેબલનાં માપ (Size-સાઈઝ) વચ્ચે ........... પુસ્તકોનો તફાવત છે.

૩. (અ) એક વર્તમાનપત્રથી 'ગણિત ગમ્મત'ના કેટલા પુસ્તકોને પૂંઠું ચડાવી શકાય ?

(બ) હવે અડધા વર્તમાનપત્રની મદદથી 'ગણિત ગમ્મત'ના પુસ્તકને પૂંઠું ચડાવવાનો પ્રયત્ન કરો.

(ક) શું તમે નાના કાગળથી તમારા પુસ્તકને પૂંઠું ચડાવી શકશો ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(ડ) નાનામાં નાના કયા કાગળથી તમે તમારી ચોપડીને પૂંઠું ચઢાવી શકો છો, તે શોધો.ઉપરાંત તે પણ તપાસો કે તમારો દોસ્ત તમારા કરતાં નાનો કાગળ વાપરે છે.

૪. (અ) આપેલ ચિત્રમાં સૌથી મોટું પાંદડું કયું છે ?



(બ) બગીચામાંથી થોડાં પાંદડાં એકત્ર કરો. આ ચોરસ કાગળમાં દરેક પાંદડાં એક-એક કરીને ચોંટાડો. દરેક પર્ણની ફરતે રેખા દોરી નિશાની કરો અને તપાસો કે કેટલા ચોરસ દરેક પાંદડાંમાં સમાયેલ છે.

(ક) કયું પાંદડું સૌથી મોટું છે ?

(ડ) કયું પાંદડું સૌથી નાનું છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. (અ) મોટા લીલા ચોરસમાં ૧ સેમીના માપના કેટલા નાના ચોરસ આવેલા છે ?

(બ) શું તમે ગણતરી કર્યા વગર કુલ નાના ચોરસ ગણવા માટેનો ઝડપી રસ્તો વિચારી શકો છો ?



૬. આપેલા વાદળી લંબચોરસમાં ૧ સેન્ટિમીટરના માપના કેટલા ચોરસ સમાઈ શકે તેનું અનુમાન કરો.





તમારું અનુમાન અહીં લખો ........................................

નાના ચોરસ ગોઠવીને અનુમાન તપાસો.

૭. આ ચિત્ર જુઓ. શું તમે તેને એકસમાન ૪ ટુકડામાં વિભાજિત કરી શકો ? દરેક ટુકડામાં સમાન ચોરસ હોવા જોઈએ.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**કોયડો : ઘર અને કૂવો**

રાઘવન પાસે જમીનનો એક ટુકડો છે.

તેની જમીનમાં ૪ મકાન અને વચ્ચે એક કૂવો આવેલ છે. તે આ જમીન તેનાં ચાર બાળકોની વચ્ચે સમાન રીતે વિભાજિત કરવા માંગે છે. જેમાં દરેકને એક મકાન મળે અને તેઓ કૂવાનો પણ ઉપયોગ એકબીજાની જમીનમાં દાખલ થયા વગર કરી શકે. શું તમે તેને આ જમીન વિભાજિત કરવામાં મદદ કરશો ? દરેકના હિસ્સામાં અલગ-અલગ રંગ કરો.



D7R3S3



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in